
# શહેરમાં મોડી રાત્રે તોફાની વરસાદ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. ગઈકાલે મોડીરાત્રે શહેરમાં ધોધમાર અને તોફાની વરસાદ વરસ્યો હતો. લગભગ અડધા કલાકમાં પોણા ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વરસાદથી તરબતર થઈ ગયા છે. ગાંધીનગરમાં પણ છેલ્લા ત્રણ-ચાર દિવસથી વરસાદી માહોલ છવાયો છે. ધીમીધારે ક્યારેક ઝરમર વરસાદ વરસી જાય છે. ગઈકાલે સાંજ પછી ખુબ જ બફારો અનુભવાતો હતો. અસહ્ય બફારાથી શહેરીજનો ત્રાસી ગયા હતા. બફારાના કારણે પરસેવે રેબઝેબ થઈ જવાતુ હતુ. રાત્રે અગિયાર વાગે થોડીક જ વારમાં વીજળીના કડાકા શરૂ થયા હતા. વીજળીના કડાકાની સાથે જ ધીમી ધારે શરૂ થયેલા વરસાદે અચાનક જ જોર પકડ્યુ હતુ. ધોધમાર વરસાદ શરૂ થઈ જતાં વસાહતીઓ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. તોફાની વરસાદની ધમાકેદાર બેટીંગથી એવુ લાગ્યુ હતુ કે હમણાં ચાર-પાંચ ઈંચ વરસાદ પડી જશે. જો કે થોડીક જ વારમાં વરસાદ બંધ થઈ ગયો હતો. તોફાની વરસાદથી શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. ઝુંપડા બાંધીને રહેતા પરિવારોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અડધા કલાકમાં શહેરમાં ૧૯.૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૩૪૪ મી.મી. સુધી પહોંચ્યો છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ના ના વજન ઊતારવા માટે ગાડી છોડી સાયકલ ચલાવુ છું તેને રી સાયકલીંગ ના કહેવાય... શું સમજી...?!

# ગાંધીનગર થી કોબા રોડ પર હોટલ મેનેજમેન્ટ સામે હિટ એન્ડ રન

**નવા કોબાનાં આધેડને અજાણ્યા વાહને અડફેટે લીધા : અકસ્માત બાદ વાહનચાલક રફુચક્કર**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક કોબા-ઈન્દીરાબ્રિજ રોડ પર ગઈ સાંજે બેફામ જતા અજાણ્યા વાહનચાલકે નવા કોબાનાં આધેડને અડફેટે લઈ લેતા આ આધેડનું ઘટના સ્થળ પર જ કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. તો બીજી તરફ અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક સ્થળ પરથી વાહન સાથે પળવારમાં રફ્ફુચક્કર થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે હિટ એન્ડ રનનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક નવા કોબા ગામમાં રહેતા આધેડ નરેન્દ્રભાઈ બળદેવભાઈ શ્રીમાળી ગઈ કાલે સાંજે કોબા-ઈન્દીરાબ્રિજ રોડ પર આવેલી હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ સામે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. તે દરમ્યાન નરેન્દ્રભાઈને બેફામ ગતિએ આવી રહેલા અજાણ્યા વાહન ચાલકે અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. નરેન્દ્રભાઈનું સ્થળ પર જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ જ્યારે આરોપી અજાણ્યો વાહનચાલક સ્થળ પરથી અંધારાનો લાભ લઈને વાહન સાથે ફરાર થઈ ગયો હતો. ઈન્ફોસિટી પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી મૃતદેહ પી.એમ કરાવી વધુ તપાસ પી.એસ.આઈ એમ. આર. પટેલે શરુ કરી છે.

# શહેરના સર્કલો પર બાપુના જન્મદિન વધામણીના હોર્ડીંગ લગાવાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં શંકરસિંહ વાઘેલા (વિરોધ પક્ષ નેતા)ના જન્મદિનની વધામણીના ૪૦ થી વધુ ઠેરઠેર સર્કલો પર હોર્ડીંગ લાગી ચુક્યા છે. બાપુના જન્મદિને તેઓને વધામણી આપવા કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.તો બીજીતરફ બાપુએ તેઓને જન્મદિન નિમિતે શહેરના ટાઉનહોલ ખાતે સમ સંવેદનાનો કાર્યક્રમ રાખેલ છે. આ કાર્યક્રમને કારણે કોંગ્રેસના ધારાસભ્યો તેમજ પ્રદેશ કક્ષાના હોદેદારો સહિત ચિંતિત નજરે પડી રહ્યા છે. બાપુ જન્મદિને કોઈ મોટી જાહેરાત કરશે, કંઈક નવુ કરશે તે જાણવા માટે સૌ કોઈ ઈચ્છુક છે. ત્યારે શહેરના ટાઉનહોલ ખાતે પણ વહેલી સવારથી જ બાપુને શુભેચ્છા આપવા માટે કાર્યકરો મોટીસંખ્યામાં ઉમટી પડશે. સમસંવેદના કાર્યક્રમમાં પણ અનેક મોટા નેતાઓ હાજર રહે તેવી શકયતાઓ છે. ત્યારે ગાંધીનગર શહેરના માર્ગો તેમજ સર્કલો સહિત સેકટરોમાં બાપુને જન્મદિનની વધામણી આપતા હોર્ડીંગ લાગી ચુક્યા છે. બાપુના જન્મદિને અનેક કાર્યકર્તાઓ હાજર રહેવાના હોવાથી નગરમાં પણ અનોખો માહોલ જોવા મળશે.જેથી કાર્યકરો કાર્યક્રમમાં કોઈ કચાશ ન રહે તે માટે છેલ્લી ઘડીની તૈયારીમાં લાગી ગયા છે.




# સરઢવમાં ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીકનાં સરઢવ ખાતે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા પેથાપુર પોલીસે આજે બપોરે દરોડો પાડી ત્રણ શખ્સોને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. રોકડ રુ.૧૧,૨૦૦ના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી લઈને પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકનાં પી.એસ.આઈ વી.બી.દેસાઈની ટીમને આજે બપોરે બાતમી મળી હતી કે સરઢવ ગામમાં કેટલાક શખ્સો દ્વારા ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીને આધારે પેથાપુર પોલીસ સ્ટેશનની ટીમે બાતમી વાળા સ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે સરઢવનાં કલ્પેશ ગોકળ પટેલ, મેહુલ બાબુ પટેલ અને રાજુ મોતી ઠાકોર મળી ત્રણેય શખ્સોને પકડી પાડ્યા હતા. દાવ પરથી અને અંગ જડતીમાંથી મળી કુલ રુ.૧૧,૨૦૦ ના રોકડ મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી લઈ પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વસંત વગડા સામે છોટા હાથીની ટક્કરે બાઈકચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામમાં રહેતા બે યુવાન મિત્રો જીગ્નેશસિંહ જુઝારસિંહ સોલંકી અને વિજયસિંહ ડાભી ગઈ કાલે બપોરે બાઈક નં.જીજે૧૮ સી.એન.૩૭૦૮ લઈને ગાંધીનગર તરફ આવી રહ્યા હતા ત્યારે સામેથી બેફામ ગતિએ આવતા છોટા હાથી નં.જીજે૧૮ એ.વી ૮૫૮૬ની જબરદસ્ત ટક્કર લાગતા બાઈક સવાર બંને મિત્રો ગંભીર રીતે ઘાયલ થયા હતા. હોસ્પિટલમાં દાખલ બંને યુવાન મિત્રો પૈકી આજે સવારે એક યુવાન મિત્ર ૧૮ વર્ષિય જીગ્નેશસિંહ જુઝારસિંહ સોલંકીનું સારવાર દરમ્યાન કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. પેથાપુર પોલીસે છોટા હાથીનાં ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

# ૧૦૮ના કર્મચારીઓની કેટલીક માંગણીઓ સંતોષાતા હડતાલ સમેટાઈ

**પગાર વધારો, મેડીકલ વિમો, ઓવરટાઈમ, જિલ્લાફેર બદલી રદ સહિતની માંગ સંતોષાઈ**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ પોતાના પડતર પ્રશ્નોનો નિવેડો નહીં આવતા રોષે ભરાયા હતા. જિલ્લાની ૧૪ એમ્બયુલન્સના કર્મચારીઓ બુધવાર સાંજના સુમારે મોબાઈલ ફોન અને એમ્બ્યુલન્સની ચાવી આપીને હડલાત પર ઉતરી ગયા હતા. જેથી જીવીકે ઈએમઆરઈનું તંત્ર પણ દોડતુ થઈ ગયું હતું. તંત્રએ કર્મચારીઓની કેટલીક માંગણીઓ સંતોષાતા કર્મચારીઓએ હડતાલ સમેટી લીધી હતી. તંત્રએ કર્મચારીઓના પગારમાં ૧૮ ટકાનો વધારો, જિલ્લાફેર બદલી નહીં કરવાની, મેડીકલ વિમો ૧ લાખની જગ્યાએ ૩ લાખનો કર્યો તેમજ એક કલાક ઓવરટાઈમના રૂ.૧૨૦ લેખે ચુકવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાં ઈમસજન્સી સેવા આપતી ૧૦૮ની એમ્બ્યુલન્સની છેલ્લા અઠવાડીયામાં બે વાર પૈંડા થંભી ગયા હતા. એમ્બ્યુલન્સ હંકારતા પાયલોટની માંગણી વર્ષો પછી પણ નહીં સ્વીકારવામાં આવતા કર્મચારીઓએ હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું. ગાંધીનગર જિલ્લામાં ૧૪ ઈમરજન્સી ૧૦૮ બંધ થઈ જતા જીવીકે તંત્ર હરકતમાં આવી ગયું હતું. ૧૦૮ના કર્મચારીઓ દ્વારા વિવિધ જિલ્લામાં માંગણીઓ અંગે વિરોધ ચાલુ જ છે. જેને પગલે આખરે તંત્રએ કર્મચારીઓ આગળ નમતુ ઝોખવુ પડ્યુ છે. ગત રાત્રીએ જીવીકે તંત્ર દ્વારા કર્મચારીઓની કેટલીક માંગણી સંતોષવામાં આવી છે. જેને પગલે રાત્રીના સમયે જ હડલાત કર્મચારીઓએ સમેટી લીધી હતી. જેમાં ૧૮ ટકા પગાર વધારો કરાયો છે, જિલ્લાફેર બદલી કરવામાં આવતી હતી તે નિર્ણય રદ કરવામાં આવશે. પાયલોટનો વિમો એક લાખનો હતો તેમાં વધારો કરીને ૩ લાખનો કરવામાં આવ્યો છે. જયારે નોકરીના ૧૨ કલાક બાદ એક કલાક ઓવરટાઈમ કરવામાં આવે તો કલાકના રૂ.૧૨૦ લેખે ચુકવવામાં આવશે. તે સહિતની અન્ય પણ કેટલીક માંગણીઓનો સ્વીકાર કરવામાં આવશે તેમ ૧૦૮ના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## સ્વાઈન ફ્લુથી કડજોદરામાં એક યુવાનનુ મોત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરાના એક યુવાનનું સ્વાઈન ફ્લુમાં મોત થતાં સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

કડજોડરા પ્રા.આ. કેન્દ્રમાં પ્રાથમિક સારવાર લીધા બાદ પણ સારૂ ના થતાં આ દર્દી ખાનગી હોસ્પિટલમાં દાખલ થયેલ ત્યાં તબિયત વધુ લથડતાં અમદાવાદ સિવિલમાં તેને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. જ્યાં સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો હતો અને સારવાર દરમ્યાન આજે સવારે તેનુ મૃત્યુ થયુ હતુ.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીના કોન્ટેકટમાં આવેલ ૧૦ જેટલી વ્યક્તીઓને પ્રિવેન્સીવ સારવાર આપવામાં આવી છે. તંત્રએ ત્યાં સર્વેલન્સ કરેલ છે પણ કોઈ વધુ દર્દીઓ તાવના કે અન્ય રોગના મળ્યા નથી. સ્વાઈન ફ્લુથી અત્યાર સુધીમાં ૪ના મોત થયા છે જે ઉલ્લેખનીય છે.

# રૂપાલ ખાતે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૬૮મા વન મહોત્સવની ઉજવણી આજરોજ રૂપાલના વરદાયનિ માતાજીના મંદિરના પ્રટાંગણમાં કરવામાં આવી હતી. આ વન મહોત્સવના કાર્યક્રમને મહિલા બાળ વિકાસ રાજયમંત્રી ડૉ. નિર્મલાબેન વાધવાણીના હસ્તે દીપપ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મંદિરના પ્રટાંગણમાં મંત્રી અને મહાનુભાવોના હસ્તે વૃક્ષોરોપણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે જિલ્લા પ્રભારી મંત્રી અને મહિલા-બાળ વિકાસ રાજય મંત્રી ડૉ. નિર્મલાબેન વાધવાણીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના પૂર્વ કૃષિ મંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર સ્વ. કનૈયાલાલ મુન્શીએ વર્ષ-૧૯૫૦થી લોકોને વૃક્ષ ઉછેર સાથે સાંકળવાના ઉમદા આશયથી વન મહોત્સવનો આરંભ કર્યો હતો. વન મહોત્સવ ઉજવણી સાથે સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરી લોકાર્પણની પહેલ વર્ષ-૨૦૦૪માં તત્કાલિન મુખ્ય મંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી. ગયા વર્ષ સુધી ગુજરાત રાજયમાં વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે કુલ-૧૬ સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષ સાંબરકાંઠાના વિજયનગર તાલુકાના પાલ ગામ ખાતે વિરાંજલી વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. સાંસ્કૃતિક વનોના નિર્માણનો આરંભ ગાંધીનગર ખાતેથી પુનિત વનનું નિર્માણ કરીને કરવામાં આવ્યું છે.

ગાંધીનગર વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક જી. રમણ મૂર્તિએ જણાવ્યું હતું કે, વૃક્ષો વાવવા પાછળના ઉમદા હેતુઓની વિસ્તૃત સમજ આપી હતી. કાર્બનડાયોકસાઈડ અને અન્ય પ્રદૂષણના કારણે આજે વિશ્વ સમક્ષ આવેલી ગ્લોબલ વોર્મિંગની સમસ્યાની સામે લડવા અને કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ઘટાડવા માટે વૃક્ષો જ એક ઉપાય છે, તેવું પણ જણાવ્યું હતું.

મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જિલ્લા કલેકટર દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે, દેશમાં ગુજરાત રાજય અનેક ક્ષેત્રમાં અગ્રેસર છે. હવે, ગ્રીન ગુજરાતનું નિર્માણ કરવાની દિશામાં આપણે સૌએ આગળ વધવાનું છે. આ માટે એક બાળ એક વૃક્ષના સૂત્રને ચરિતાર્થ કરવું ખૂબ જ જરૂરી છે. આ વર્ષે ગુજરાતમાં ૧૦ કરોડ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

કાર્યક્રમના અંતે આભારવિધિ વન વિભાગના અધિકારી હેમંત સુથારે કરી હતી.



## સે. ૩/ન્યુમાં ઉભરાતી ગટરથી રહીશો ત્રસ્ત

એક તરફ શહેરમાં વરસાદી માહોલ તેની પકડ જમાવતો જાય છે અને બીજી તરફ ઉભરાતી ગટરોની દુર્ગંધથી વસાહતીઓ પરેશાની ભોગવી રહ્યાં છે. શહેરના સે. ૩-ન્યુમાં ગટર ઉભરાવાને કારણે ચોતરફ ગંદકીનો માહોલ સર્જાવા સાથે ચોમાસાની ઋતુ હોવાથી રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધવાની શક્યતા વધી જવા પામી છે. જેના કારણે આ વિસ્તારના રહીશોના આરોગ્ય સામે ખતરો ઉભો થઈ રહ્યો છે. આ ગટર અંગે રહીશો દ્વારા તંત્રને કરાયેલી અનેક ફરિયાદો બ્હેરાં કાને અથડાઈને પાછી ફરી રહી છે. સત્વરે આ ગટરનું મરામત કાર્ય કરાય તેવી રહીશોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# 'એક કા ડબલ'ની સ્કિમ આપી ૧.૧૧ કરોડનું ફુલેકુ ફેરવી જનાર ઝડપાયો ..!!

**સે-૨માં રહેતા દંપતીએ અમદાવાદમાં ફાયનાન્સ પેઢી ખોલી કરોડોનો ચુનો લગાવ્યો હતો**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરનાં સે-૨ ખાતે રહેતા એક દંપતીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલ નજીક એક ફાયનાન્સ પેઢી ખોલીને એક કા ડબલ કરી આપવાની સ્કીમ આપીને કરોડો રુપિયાની છેતરપીંડી આચરી હોવાનુ મોટુ સ્કેમ બહાર આવ્યુ હતુ. અમદાવાદનાં ગ્રાહકોને કરોડો માં સુવડાવી દેનાર આ દંપતીએ પાટનગરનાં ૧૨ વ્યક્તિઓને પણ રુ.૧.૧૧ કરોડ માં નવડાવી દીધા હોવાનુ ધ્યાને આવતા ગાંધીનગરનાં ભોગ બનેલા ૧૨ વ્યાક્તીઓએ આ મામલે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણમાં એક આરોપીની સે-૭ પોલીસે ધરપકડ કરી પુછપરછ શરુ કરી છે.

શહેરનાં સે-૨ ડી પ્લોટ નં.૧૦૪૬ ખાતે રહેતા રમેશ સોમચંદ્ર મોરલ અને તેની પત્નિ રમિલા મોરાલે મળીને વર્ષ-૨૦૧૦ માં અમદાવાદ સિવિલ હોસ્પિટલ પાછળ નાકોડા એપાર્ટમેન્ટમાં રાજ મોરાલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાન્સ નામની પેઢી ખોલી હતી. સાડા પાંચ વર્ષમાં તમે આપેલા રુપિયા ડબલ કરીને આપવાની લોભામણી સ્કિમ તેમને મુકી ગ્રાહકોને લલચાવ્યા હતા. અમદાવાદનાં અનેક ગ્રાહકોએ કરોડો રુપિયા ડબલ કરાવવા આ પેઢીમાં ઈન્વેસ્ટ કર્યા અને તાજેતરમાં ફેબ્રુઆરી માસમાં આ પેઢીને તાળા વાગી ગયા ને કરોડોનુ ફુલેકુ ફેરવી દંપતી ફરાર થઈ ગયા હતા. ગાંધીનગરના આ દંપતીએ નજીકનાં સંબંધીઓ તથા આસપાસમાં રહેતા પડોસીઓને પણ આ સ્કિમ સમજાવીને રુપિયા ઉઘરાવ્યા હતા. ગાંધીનગરનાં ૧૨ જુદી જુદી વ્યક્તિઓએ આ દંપતીનો વિશ્વાસ કરી અલગ અલગ સમયે તબક્કાવાર કુલ ૧,૧૦,૯૯,૦૦૦ રુપિયા ઈન્વેસ્ટ કર્યા હતા. ગાંધીનગરનાં આ ૧૨ વ્યક્તિઓનાં રુ.૧.૧૧ કરોડ પણ દંપતીએ ચાઉ કરી લીધા હતા. ગાંધીનગરનાં આ ઈન્વેસ્ટર્સ આખરે સે-૭ પોલીસ મથકે પહોંચ્યા હતા. સે-૩ સી પ્લોટ નં.૫૯૯/૧ ખાતે રહેતા નિવૃત કર્મચારી જીવણભાઈ ધુળાભાઈ પરમારની ફરિયાદ મુજબ સે-૭ પોલીસે કુલ રુ.૧.૧૧ કરોડની છેતરપીંડી અંગે ગુનો દાખલ કર્યો હતો. આરોપી રમેશ સોમચંદ્ર મોરલની પી.એસ.આઈ એસ.ડી.ચૌધરીએ આ ગુનામાં ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી લઈ ફરાર આરોપીની શોધખોળ માટે વધુ તપાસ શરુ કરી છે.

## આજે મનપા દ્વારા વન મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગ્રીન સીટી ગાંધીનગરના ભાગરૂપે અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨૯ ખાતે તા. ૨૧-૭-૧૭ના રોજ સવારે ૯ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમમાં મેયર, કમિશનર, ડેપ્યુટી મેયર, સ્ટન્ડીંગ કમિટિના ચેરમેન, ધારાસભ્યો, ચેરમેન, ગુડા, મનપાના સભ્યો તથા અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ૨૫૦ કરતા પણ વધારે રોપાનું પ્લાન્ટેશન કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર શહેરમાં આવનારા દિવસોમાં ૧૦ હજાર કરતાં પણ વધારે રોપાનું પ્લાન્ટેશન કરવાનું આયોજન છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા તમામ નાગરિકોને, વડીલોને તેમજ વનપ્રેમી સંસ્થાઓને તા. ૨૧-૭-૧૭ના રોજ અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨૯ ખાતે આ કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ છે.

# આવતીકાલે સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલમાં એક દિવસીય કાવ્ય શિબિર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સેકટર-૨૩માં સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય ખાતે તા. ૨૨મી જુલાઈએ એક દિવસીય કાવ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં શહેરના ખ્યાતનામ કવિઓ-સાહિત્યકારો શિબિરાર્થીઓને કાવ્ય લેખનના વિવિધ આયામો અંગે તલસ્પર્શી જ્ઞાન આપશે.

કાર્યક્રમમાં કવિ ભાગ્યેશ જહા મહેફિલમાં દાદ કેમ મેળવવી તે અંગે, કવિ અનિલ ચાવડા ગીત-ગઝલ વિશે થોડીક વાત, કવિ ઉમાકાન્ત રાજયગુરુ કાવ્ય લેખન અને વ્યાકરણ, કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટ ચાલો સમજીએ છંદ અને લય તથા કવિ કિશોર જીકાદરા ગઝલમાં સંવેદનાનો સ્પર્શ વિષયે શિબિરાર્થીઓને તાલીમ આપશે. શિબિરના સમાપન પ્રસંગે જાણીતા સાહિત્યકાર કવિ હરિકૃષ્ણ પાઠક, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વાઈસ ચેરમેન કવિ રમેશ ઠકકર તથા ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં શિબિરાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કરાશે. આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ નટવર હેડાઉ, ઉપાધ્યક્ષ સંજય થોરાત અને સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના આચાર્ય ઉમંગ વસાણી ઉપસ્થિત રહેશે.



અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ, ગુજરાત રાજય દ્વારા સમગ્ર રાજયમાં આવેલ નગરપાલિકાઓના કર્મચારીઓ દ્વારા જિલ્લા કક્ષાએ કલેકટરને આવેદન પત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેથી ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપીને એસમાના નોટીફિકેશનની કલેકટર કચેરી ખાતે હોળી કરવામાં આવી હતી.